રાપબો/પ્રા.મા.શિ. શિષ્ય/૨૦૧૪/૧૭૩૮-૧૮૧૮
રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુજરાત રાજ્ય,
સરકારી પુસ્તકાલય પાસે,
સેકટર-૨૧, ગાંધીનગર.
તા:૨૨/૦૮/૨૦૧૪

**વંચાણે લીધા :-** શિક્ષણ અને મજુર વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક : એસ.સી.એચ./૧૦૮૯/૪૦૪૯/છ, તા. ૯/૧૧/૧૯૮૪.

## *જાહેરનામું :-*

રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા લેવામાં આવતી પ્રાથમિક/ માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા સમિતિની મીટીંગ **તા.૨૪/૭/૨૦૧૪** ને ગુરુવારના રોજ મળેલ હતી. મીટીંગમાં નક્કી થયા મુજબ પ્રતિવર્ષની જેમ પ્રાથમિક / માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા (શહેરી /ગ્રામ્ય/ટ્રાયબલ વિસ્તાર માટે) આગામી **તારીખ ૧૯/૧૦/૨૦૧૪ને રવિવારના** રોજ રાજ્યના તમામ તાલુકા કક્ષાએ લેવાનાર છે. સદર પરીક્ષાનો કાર્યક્રમ પત્રક અ અને પત્રક બ આ સાથે સામેલ છે.

**આ પરીક્ષા માટેના આવેદનપત્રો www.sebexam.org વેબસાઇટ પર તા :૧/૯/૨૦૧૪ થી તા: ૨૫/૯/૨૦૧૪ દરમિયાન ઓનલાઇન ભરવાના રહેશે.**

## પાત્રતા :-

આ પરીક્ષામાં બેસવા માટેની પાત્રતા નીચે મુજબ છે. પ્રાથમિક શિષ્યવૃત્તિ માટે ધોરણ-૫ માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ અને માધ્યમિક શિષ્યવૃત્તિ માટે ધોરણ-૮ માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ જેણે છેલ્લી પરીક્ષા ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ સાથે પાસ કરી હોય તેવા વિદ્યાર્થીઓ જ પરીક્ષામાં ઉપસ્થિત થઈ શકશે.

## અભ્યાસક્રમ :

પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા માટે અભ્યાસક્રમ ધોરણ-૧ થી ૪ અને માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા માટે અભ્યાસક્રમ ધોરણ-૫ થી ૭ સુધીનો રહેશે.

## પ્રશ્નપત્ર સ્વરૂપ :

બંને વિભાગ માટે પ્રશ્નપત્રનું સ્વરૂપ હેતુલક્ષી તેમજ બહુ વિકલ્પીય રહેશે. દરેક પ્રશ્નનો ૦૧ ગુણ રહેશે. પ્રશ્નપત્ર ૧૦૦ ગુણ રહેશે.

| ક્રમ | પ્રશ્નપત્ર | સમય | ગુણ |
|---|---|---|---|
| ૧ | ભાષા-સામાન્ય જ્ઞાન | ૧-30 કલાક | ૧૦૦ |
| ૨ | ગણિત-વિજ્ઞાન | ૧-30 કલાક | ૧૦૦ |

પરીક્ષાનું માધ્યમ ફક્ત ગુજરાતીનું રહેશે. અન્ય માધ્યમનાં વિદ્યાર્થીઓ પણ પરીક્ષા આપી શકશે. પરંતુ પ્રશ્નપત્ર ફક્ત ગુજરાતી ભાષામાં જ આપવામાં આવશે. ઓ.એમ.આર. સ્વરૂપના પ્રશ્નનપત્રમાં આપેલ વિકલ્પો માંથી સાચા વિકલ્પ સામેના કુંડાળાને બોલપેનથી સંપૂર્ણ ઘટ્ટ કરવાનું રહેશે.

- **પરીક્ષા ફી :** તમામ ઉમેદવાર માટે પરીક્ષા ફીનું ધોરણ નીચે મુજબનું રહેશે.

| ક્રમ | પરીક્ષાનું નામ | પરીક્ષા ફી | માર્કશીટ/પ્રમાણપત્ર ફી | પોસ્ટ ચાર્જ | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | પ્રાથમિક | ૨૫-00 | ૧૫-00 | ૧૨-00 | ૫૨/- |
| ૨ | માધ્યમિક | ૩૫-00 | ૧૫-00 | ૧૨-00 | ૬૨/- |

| ક્રમ | વિગત | તારીખ |
|---|---|---|
| ૧ | જાહેરનામું બહાર પાડ્યાની તારીખ | ૨૨/0૮/૨0૧૪ |
| ૨ | તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓએ કચેરી દ્વારા જાહેરનામું તમામ શાળાઓને પહોંચાડવાની તારીખ | ૩0/૮/૨0૧૪ સુધીમાં |
| 3 | www.sebexam.org વેબસાઇટ પર પરીક્ષા માટેનું આવેદનપત્ર ઓનલાઇન ભરવાનો સમયગાળો | ૧/૯/૨0૧૪ થી ૨૫/૯/૨0૧૪ |
| ૪ | પરીક્ષા માટેની ફી પોસ્ટ ઓફીસ ખાતે ભરવાનો સમયગાળો | ૧/૯/૨0૧૪ થી ૨૫/૯/૨0૧૪ |
| ૫ | શાળા દ્વારા ભરાયેલા આવેદનપત્રો તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી/ શાસનાધિકારીની કચેરીમાં જમા કરાવવાની અંતિમ તારીખ | ૨૯/૯/૨0૧૪ |
| ૬ | તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારીની કચેરી દ્વારા આવેદનપત્રો DPEO કચેરીમાં જમા કરાવવાની અંતિમ તારીખ | ૧/૧0/૨0૧૪ |
| ૭ | DPEO કચેરી દ્વારા શાળામાંથી આવેલ આવેદનપત્રો રા.પ.બોર્ડમાં જમા કરાવવાની અંતિમ તારીખ | ૪/૧0/૨0૧૪ |
| ૮ | તમામ DPEO કચેરી દ્વારા સીટ નંબરની યાદી તથા 0૧ પત્રક રા.પ.બોર્ડ ખાતેથી મેળવવાની તારીખ | ૧૫/૧0/૨0૧૪ |
| ૯ | પરીક્ષા તારીખ | ૧૯/૧0/૨0૧૪ |

- **ઓનલાઇન અરજી કરવાની રીત :-**

આ જાહેરાતના સંદર્ભમાં રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ઓનલાઇન જ અરજી સ્વીકારવામાં આવશે . ઉમેદવાર તા.૧/૯/૨0૧૪ (બપોરના ૧૪ .00) થી તા .૨૫/૯/૨0૧૪ (બપોરના ૧૫ .00 કલાક સુધી ) દરમ્યાન www.sebexam.org પર અરજીપત્રક ભરી શકાશે . ઉમેદવારે અરજી કરવા માટે નીચે મુજબના સ્ટેપ્સ અનુસરવાના રહેશે. અરજીપત્રક Confirm મળ્યા પછી જ અરજી માન્ય ગણાશે.

- સમગ્ર ફોર્મ અંગ્રેજીમાં ભરવાનું રહેશે.
- સૌ પ્રથમ www.sebexam.org પર જવું.
- ‘Apply online ‘ ઉપર Click કરવું.

- "પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ (ધોરણ-૫) **અથવા** માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ (ધોરણ-૮)" સામે Apply Now પર Click કરવું.
- તેની નીચે Apply Now પર Click કરવાથી Application Format દેખાશે Application Format માં સૌપ્રથમ માગવામાં આવેલ તમામ માહિતી ફરજિયાત ભરવાની રહેશે.
- હવે Save પર Click કરવાથી તમારો Data Save થશે. અહીં ઉમેદવારનો Confirmation Number Generate થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે.
- હવે પેજના ઉપરના ભાગમાં Upload photo- Signature પર Click કરો. અહીં તમારો Confirmation Number Type કરો અને તમારી Birth Date Type કરો. ત્યારબાદ OK પર Click કરો. અહીં Photo અને Signature upload કરવાના છે.
- Photo અને Signature upload કરવા સૌ પ્રથમ તમારો Photo અને Signature JPG format માં (10 Kb) સાઇઝથી વધારે નહીં તે રીતે Computer માં હોવા જોઇએ. Browse Button પર Click કરો. હવે Choose File ના સ્ક્રીનમાંથી જે ફાઇલમાં JPG format માં તમારો Photo store થયેલ છે તે ફાઇલને Select કરો. અને Open Button ને Click કરો. હવે Browse Button ની બાજુમાં upload Button પર Click કરો, હવે બાજુમાં તમારો Photo દેખાશે. હવે આજ રીતે Signature પણ upload કરવાની રહેશે.
- હવે Preview & Confirm Application પર Click કરો. અહીં તમારો Confirmation Number Type કરો અને તમારી Birth Date Type કરો. ત્યારબાદ Submit પર Click કરો. જો અહિ અરજીમાં સુધારો કરવાનો જણાય તો Edit Application ઉપર Click કરીને સુધારો કરી લેવો. અરજી Confirm કર્યા પહેલાં કોઇ પણ પ્રકારનો સુધારો અરજીમાં કરી શકાશે. પરંતુ અરજી Confirm થઇ ગયા બાદ અરજીમાં કોઇપણ જાતનો સુધારો કરી શકાશે નહી.
- જો અરજી સુધારવાની જરૂર ન જણાય તો જ Confirm પર Click કરવું. Confirm પર Click કરવાથી ઉમેદવારની અરજીનો બોર્ડમાં Online સ્વીકાર થશે તથા તે માન્ય બાદ જ માન્ય ગણાશે.
- હવે Print Application & Fee Challan પર Click કરવું. અહીં તમારો Confirmation Number Type કરો અને તમારી Birth Date Type કરો. ત્યારબાદ Submit પર Click કરો.
- અહિંથી તમારી અરજીપત્રકની તથા ફી ચલણની પ્રિન્ટ કાઢી લેવી.
- ત્યારબાદ ફી ચલણની સ્લીપ ગુજરાતની કોઇપણ કોમ્પ્યુટરાઇઝ ભારતીય પોસ્ટ ઑફીસની શાખામાં ફી રોકડમાં જમા કરાવવાની રહેશે.
- હવે અરજીપત્રકની પ્રિન્ટ પર શાળાના આચાર્યશ્રીના સહિ-સિક્કા કરાવવા.
- **શાળાએ ભરાયેલા તમામ આવેદનપત્રો પર આચાર્યશ્રીના સહિ-સિક્કા કરી તા-૨૯/૦૯/૨૦૧૪ સુધીમાં તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારીની કચેરીમાં જમા કરાવવાના રહેશે.**
- **તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારીની કચેરીમાં આવેલ તમામ આવેદનપત્રો એકત્રિત કરી તા:૧/૧૦/૨૦૧૪ સુધીમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરીમાં જમા કરાવવાના રહેશે.**
- **અરજી ફોર્મ જાતે જ ચોકસાઇ પૂર્વક Online ભરવાનું રહેશે. નામ, અટક,જન્મ તારીખ,જાતિ કે અન્ય કોઇ બાબતે પાછળથી બોર્ડ દ્વારા સુધારો કરી આપવામાં આવશે નહી જેની ખાસ નોંધ લેવી.**
- **અરજીપત્રક ભરવામાં કોઇપણ પ્રકારની મુશ્કેલી જણાય તો વેબસાઇટ પર આપવામાં આવેલ ફોન નંબર પર સંપર્ક કરવો.**

## ફી ભરવાની રીત:

પરીક્ષા ફી ભરવા માટે ઉમેદવારે ચલણ સ્લીપ પ્રિન્ટ કરી , આ પે સ્લીપ ગુજરાતની કોઇપણ કોમ્પ્યુટરાઇઝ ભારતીય પોસ્ટ ઑફીસની શાખામાં ફી રોકડમાં જમા કરાવવાની રહેશે. તે સાથે રૂા. ૧૨/- સર્વિસચાર્જ પેટે ચૂકવવાના રહેશે.

## કેન્દ્ર સંચાલકની નિમણૂક અંગે :-

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીએ દરેક તાલુકા કક્ષાએ કેન્દ્ર સંચાલકની નિમણૂંક કરવી. કેન્દ્ર સંચાલક તરીકે શિક્ષણ નિરીક્ષક/મદદનીશ શિક્ષક નિરીક્ષક/કેળવણી નિરીક્ષક/સરકારી હાઇસ્કુલના આચાર્યશ્રી/શાસનાધિકારી વગેરે પૈકી માંથી નિમણૂક કરી તેઓનાં નામ સરનામાની યાદી રહેઠાણ અને ઓફિસના ફોન નંબર સાથે રાજ્ય પરીક્ષા બોર્ડની કચેરીએ મોકલી આપવી.

અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તાર અને પશ્ચિમ વિસ્તાર એમ બે કેન્દ્ર રાખવા. જેથી પૂર્વ અને પશ્ચિમ બંને વિભાગના વિદ્યાર્થીઓને અનૂકૂળતા રહે. બંને વિભાગનાં કેન્દ્રોની પરીક્ષાલક્ષી તમામ કામગીરી અમદાવાદ શહેરના શાસનાઅધિકારીશ્રીએ સંભાળવાની રહેશે.

**સહિ/-**

**(ઇ.પી.દેસાઇ)**
**અધ્યક્ષ**
**રાજ્ય પરીક્ષા બોર્ડ**
**ગાંધીનગર**

## નકલ જાણ તથા અમલ સારૂ :-

(૧) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી (તમામ)
(૨) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ)
(૩) શાસનાઅધિકારી, અમદાવાદ મહા નગર શિક્ષણ સમિતિ, અમદાવાદ .

## નકલ સવિનય રવાના જાણ સારૂં :-

(૧) અગ્રસિચવશ્રી, શિક્ષણ વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર.
(૨) અગ્રસિચવશ્રી, પ્રાથમિક શિક્ષણ વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર.
(૩) કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન અને શાળાઓની કચેરી,
બ્લોક નં. ૯, ડો, જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
(૪) નિયામકશ્રી , પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી,
બ્લોક નં ૧૨, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

# પ્રાથમિક / માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા

ઓકટોમ્બર **૨૦૧૪** વિગતવાર કાર્યક્રમ

## પત્રક – અ

## પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા ઓકટોમ્બર ૨૦૧૪ વિગતવાર કાર્યક્રમ

| પ્રશ્નપત્ર | વિષય | તારીખ | વાર | સમય | ગુણ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| (૧) | ભાષા-સામાન્યજ્ઞાન | **૧૯/૧૦/૨૦૧૪** | રવિવાર | ૧૧-00<br>થી<br>૧૨-30 | ૧૦૦ |
| (૨) | ગણિત-વિજ્ઞાન | **૧૯/૧૦/૨૦૧૪** | રવિવાર | ૨-00<br>થી<br>3-30 | ૧૦૦ |

## પત્રક – બ

## માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા ઓકટોમ્બર **૨૦૧૪** વિગતવાર કાર્યક્રમ

| પ્રશ્નપત્ર | વિષય | તારીખ | વાર | સમય | ગુણ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| (૧) | ભાષા-સામાન્યજ્ઞાન | **૧૯/૧૦/૨૦૧૪** | રવિવાર | ૧૧-00<br>થી<br>૧૨-30 | ૧૦૦ |
| (૨) | ગણિત-વિજ્ઞાન | **૧૯/૧૦/૨૦૧૪** | રવિવાર | ૨-00<br>થી<br>3-30 | ૧૦૦ |

સહિ/-
**અધ્યક્ષ**
રાજ્ય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર